દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ
ગુરુવાર ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪

એક સમયનો હિન્દુ દેશ ઈન્ડોનેશિયા આજે મુસ્લિમ બહુમતી સાથે ધાર્મિકતામાં વિશ્વમાં પ્રથમ ક્રમે પહોંચી ગયો

ભારતમાં ધર્મની શોધ સદીઓ પહેલા થઈ છે. એવું કહેવાય છે કે હિન્દુ ધર્મ વિશ્વનો સૌથી જુનો ધર્મ છે પરંતુ જો આજે ધાર્મિકતાની બાબત આપણે એવું માનતા હોય કે ભારત સૌથી વધુ ધાર્મિક દેશ છે તો આપણે ખોટા છીએ. ધાર્મિક દેશના ક્રમમાં ભારત પ્રથમ પાંચમાં પણ આવતો નથી. ભારત સમગ્ર વિશ્વમાં ધાર્મિક દેશોની યાદીમાં છેક 27માં ક્રમે છે. સાથે સાથે સંજોગો એવા છે કે જે દેશ 11મી સદી સુધી હિન્દુ દેશ હતો તે આજે મુસ્લિમ દેશ બની ગયો છે અને તે ધાર્મિકતામાં સમગ્ર વિશ્વમાં ટોચ પર છે. આ દેશનું નામ ઈન્ડોનેશિયા છે. ઈન્ડોનેશિયામાં 98 ટકા લોકો રોજ પ્રાર્થના કરે છે. વિશ્વમાં ધર્મ કેન્દ્રીય સર્વેક્ષણો કરવા માટે પ્યુ રિસર્ચ સેન્ટર જાણીતું છે. આ રિસર્ચ સેન્ટર દ્વારા દુનિયામાં કયા દેશમાં લોકો રોજ સૌથી વધુ પ્રાર્થના કરે છે તેનો સરવે કરવામાં આવ્યો હતો. આ સરવેમાં પ્યુ રિસર્ચ સેન્ટર દ્વારા બે પ્રશ્ન પુછવામાં આવ્યા હતા કે તમારા જીવનમાં ધર્મ કેટલો મહત્વનો છે? અને બીજો પ્રશ્ન એ હતો કે તમે કેટલીવાર પ્રાર્થના કરો છો?. આ સરવેમાં 102 દેશનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સરવે સને 2008માં શરૂ કરવામાં આવ્યો હતો અને 2023માં પુરો થયો હતો. આ સરવેના આધારે જે ડેટાઓ જાહેર કરવામાં આવ્યા તે ડેટા ચોંકાવનારા હતા. મુસ્લિમ દેશોમાં ધાર્મિકતા વધારે છે અને રોજ પ્રાર્થના કરનારા પણ વધારે છે. જ્યારે યુરોપના દેશો આ મામલે પાછળ છે.

સરવે પ્રમાણે સૌથી વધુ ધાર્મિક સ્થળો આફ્રિકા, લેટિન અમેરિકા અને મધ્ય પૂર્વ-ઉત્તર આફ્રિકાના દેશોમાં છે. જ્યારે સૌથી ઓછા ધાર્મિક સ્થળો યુરોપ અને પૂર્વ એશિયામાં છે. સરવેમાં સેનેગલ, માલી, તાન્ઝાનિયા, ગિની-બિસાઉ, રવાન્ડા અને ઝામ્બિયામાં 90 ટકા પુખ્ત લોકોએ એવી માન્યતા રજૂ કરી હતી કે તેમના જીવનમાં ધર્મ સૌથી મહત્વની ભૂમિકા ભજવે છે. સૌથી ઓછા ધાર્મિક લોકો એસ્ટોનિયા, ચેક રિપબ્લિક, ડેન્માર્ક, સ્વિટ્ઝરલેન્ડ, યુકે, સ્વીડન, લાતવિયા અને ફિનલેન્ડ દેશમાં જોવા મળ્યા હતા. જ્યારે સૌથી વધુ ધાર્મિક લોકો ઈન્ડોનેશિયામાં છે. આ દેશ સદીઓ પહેલા એટલે કે 11મી સદી પહેલા તમિલ હિન્દુ રાજાના કબજામાં હતો. તે સમયે દક્ષિણ ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે મોટાપાયે વેપાર થતો હતો. ભારતીય વેપારીઓ, વિદ્વાનો, પાદરીઓ અને ખલાસીઓ દ્વારા પહેલી સદીમાં ઈન્ડોનેશિયામાં હિન્દુ ધર્મ લાવવામાં આવ્યો હતો. 7થી 16મી સદી સુધી ઈન્ડોનેશિયામાં હિન્દુ-બૌદ્ધ સામ્રાજ્યો દ્વારા ઈન્ડોનેશિયા સહિત વિશ્વના અનેક વિસ્તારો પર શાસન કરવામાં આવ્યું હતું. હિન્દુ ધર્મના શૈવ સંપ્રદાયનો વિકાસ 5મી સદીમાં જાવામાં થયો હતો. 5થી 13મી સદી સુધી જાવા, સુમાત્રા અને કાલિમંતનમાં હિન્દુ સામ્રાજ્યોની સ્થાપના કરવામાં આવી હતી. છેલ્લું સૌથી મોટું સામ્રાજ્ય સને 1293થી 1500ની વચ્ચે માજાપહિતનું રહ્યું હતું. જે હિન્દુ,બૌદ્ધ ધર્મ અને વૈમન્સ્યવાદી સામ્રાજ્ય હતું. આજે પણ ઈન્ડોનેશિયાના છ સત્તાવાર ધર્મોમાં એક હિન્દુ છે. ઈન્ડોનેશિયામાં પાંચ લાખથી વધુ લોકો હિન્દુ છે. જ્યારે બાલીમાં આજે પણ 87 ટકા લોકો હિન્દુ છે.



જો ઈન્ડોનેશિયા અને બાલીની વાત કરવામાં આવે તો આજે પણ ઈન્ડોનેશિયાએ વિશ્વના સૌથી મોટા મુસ્લિમ દેશ હોવા છતાં પણ તેના મૂળ પ્રાચીન હિન્દુ સંસ્કૃતિ સાથે જોડાયેલા રાખ્યા છે. ઈન્ડોનેશિયામાં આજે પણ રામકથા ખૂબ પ્રિય છે. ઈન્ડોનેશિયામાં દૈનિક પ્રાર્થના ઘરોમાં ફાળો આપવામાં આવે છે અને આ રીતે ત્યાં રોજ પ્રાર્થના કરનારાઓની સંખ્યા વધારે છે. આશરે 95 ટકા લોકો ઈન્ડોનેશિયામાં રોજ પ્રાર્થના કરે છે. ઈન્ડોનેશિયામાં આજે 88 ટકા વસતી મુસ્લિમ છે. તેઓ રોજ પાંચ વખત નમાજ પઢે છે. બીજી તરફ ભારત દેશમાં રોજ પ્રાર્થના કરનારા લોકોની સંખ્યા 60 ટકા છે. પ્રાર્થના કરનારા લોકોની સંખ્યાની દ્રષ્ટિએ ભારતનો ક્રમ 41મો છે. નાઈજિરીયા એવો દેશ છે કે જેમાં 95 ટકા લોકો દૈનિક પ્રાર્થનામાં વ્યસ્ત રરે છે. અલ્જેરિયામાં 88 ટકા લોકો રોજ પ્રાર્થના કરે છે. જ્યારે સેનેગલમાં 88, જીબુટીમાં 87 ટકા લોકો રોજ પ્રાર્થના કરે છે. ગ્વાટેમાલા અને પુરૂગ્વેમાં 82 ટકા લોકો રોજ પ્રાર્થના કરે છે. કોસ્ટારિકા અને હોન્ડુરાસમાં આ આંક 78 ટકાનો છે. બીજી તરફ હોંગકોંગમાં આ આંક 13 ટકા અને જાપાનમાં માત્ર 19 ટકા જ છે. આ આંકડાઓએ કયા ધર્મના લોકો કેટલા કટ્ટર છે તે પણ બતાવ્યું છે.

એટલે કે એશિયા પેસેફિકમાં હિન્દુ અને બૌદ્ધની વસતી 99 ટકા છે. જ્યારે મુસ્લિમો 62 ટકા છે. ચીનમાં ધાર્મિક લોકો વધારે નથી. યુરોપમાં મોટાભાગે ખ્રિસ્તીઓની વસતી છે પરંતુ તેઓ પણ ધર્મ સાથે વધુ જોડાયેલા નથી. મધ્યપૂર્વ અને ઉત્તર આફ્રિકામાં 90 ટકા મુસ્લિમો છે. મુસ્લિમોની ધાર્મિકા ખૂબ ઉંચી હોય છે. ઈઝરાયેલમાં યહુદીઓ પણ ખૂબ ધાર્મિક હોય છે. મધ્યપૂર્વ અને ઉત્તર સિવાયનો આફ્રિકાનો જે પ્રદેશ છે તેમાં 24 ટકા ખ્રિસ્તી અને બાકીના મુસ્લિમો છે. એટલે તેમાં મિશ્ર ધાર્મિક લાગણીઓનો અનુભવ થાય છે. હિન્દુઓમાં ધાર્મિકતા વધારે હોય છે પરંતુ તેઓ રોજ પ્રાર્થનામાં જોડાતા નથી. મોટાભાગે હિન્દુઓ કટ્ટર પણ હોતા નથી. આ સરવેના આંકડાઓએ અનેક બાબતો પર પ્રકાશ પાડ્યો છે. વિશ્વમાં જે તે પ્રદેશોમાં બદલાતા ધર્મની વિગતો પણ જાહેર કરી છે. આ આંકડાઓમાં ધાર્મિક અને રાજકીય આગેવાનોને ભારે રસ પડે તેમ છે. પરંતુ તેનાથી એક વાત તો એટલી સાચી સાબિત થાય છે કે વિશ્વમાં ભૂતકાળમાં અનેક દેશોમાં હિન્દુ ધર્મનું પ્રચલન હતું તે નક્કી છે.

સંપૂર્ણ આઝાદીનો સંકલ્પ અને સ્ત્રી સ્વતંત્રતા

કહેવાની વાત

નેહા શાહ

સ્ત્રીઓની અડધી સ્વતંત્રતા તો જાતીય સતામણીની સંભાવનાની બીકને કારણે જ રૂંધાઈ જતી હોય છે

૧૫મી ઓગસ્ટ ૨૦૨૪. આજે ૭૭ વર્ષની ઉંમરે ભારત દેશ ઊભો છે. આ વર્ષોમાં દેશ ઘણી રીતે મજબૂત અને સક્ષમ બન્યો છે. ઘણી સિધ્ધિ હાંસલ કરી છે. છતાં આપણે આદર્શથી હજુ ઘણાં દૂર છીએ. સૌના ભાગે સ્વતંત્રતા સમાન વેશે નથી આવી. જાતિ, જ્ઞાતિ, ધર્મ, પ્રાંત, ભાષા જેવા અનેક કાંટલે તોળાઈને દરેકને પોતાની સ્વતંત્રતાનો હિસ્સો મળે છે.

પડકારોની યાદી તો ઘણી લાંબી છે, પણ અહીં ધ્યાન કેન્દ્રિત કરવું છે દેશની આશરે પચાસ ટકા વસ્તી ધરાવતી મહિલાઓ પર, તે પણ એવી મહિલાઓ પર કે જેમણે ગર્વ થાય એવી સિધ્ધિ મેળવી હોય અને છતાં સ્ત્રી હોવાની કિંમત ચૂકવી હોય. બહુ લાંબો ઇતિહાસ તપાસવો નથી. ઓગસ્ટ મહિનાના માત્ર બે અઠવાડિયાના જ કેટલાક સમાચારો પર નજર કરતાં દેખાય છે કે સમાનતા અને બંધુત્વના જે આદર્શનુ સપનું લઈ આપણે આઝાદ ભારતની સફર શરૂ કરી હતી એ દિશામાં હજુ ઘણી લાંબી મજલ બાકી છે.

એક તરફથી કોલકત્તાની સરકારી હોસ્પિટલમાં ૩૧ વર્ષની મહિલા તબીબ સાથે બળાત્કાર અને હત્યાના સમાચાર આવે છે, સ્ત્રીઓ દરેક ક્ષેત્રે આગળ આવી શકી છે એ માટેની તક ઊભી કરી શક્યા છીએ એ વાત માટે ચોક્કસ ગર્વ છે. પણ, એ સાથે સાથે રોજે રોજ વધી રહેલા જાતીય સતામણીના બનાવો મહિલાની સુરક્ષા અંગે અનેક સવાલો ઊભા કરે છે એ તરફથી ધ્યાન હટતું નથી. દરેકને સુરક્ષિત વાતાવરણ મળે એ તો સૌનો મૂળભૂત અધિકાર છે જેની માંગ માટે મહિલાઓએ વારંવાર સડકો પર આવવું પડે છે અને અવાજ ઉઠાવવો પડે છે! ૩૬ કલાકથી સેવામાં હાજર આ યુવાન ડૉક્ટર માટે પોતાની હોસ્પિટલ તો સૌથી સલામત સ્થળોમાંનું એક હોવું જોઈએ ને? કઇ રીતે એક માણસ રોકટોક વગર હોસ્પિટલ જેવા જાહેર સ્થળે બળાત્કાર અને હત્યા જેવો જઘન્ય અપરાધ કરી શકે! દિવસ રાત કામ કરતાં ડોકટરોને ઘડીભર આરામ કરવા માટે એક અલાયદા ઓરડા જેટલી સગવડ કેમ ના હોય, ખાસ કરીને જ્યારે મેડિકલમાં મહિલા વિદ્યાર્થીનું પ્રમાણ વધી રહ્યું છે! મમતા બેનરજીએ પોલીસને એક અઠવાડિયાના સમયમાં કેસનો ઉકેલ લાવવાનો આદેશ આપ્યો છે. પોલીસે એક શકમંદ વ્યક્તિની ધરપકડ પણ કરી છે. પણ એક આશાસ્પદ જિંદગીના અકાળે આવેલા અંત સામે એ બધું વામણું અને બેઈમાની લાગે છે.

બીજી તરફ પેરિસ ઓલિમ્પિકથી વીનેશ ફોગાટના સમાચાર આવે છે. અભેદ્ય ગણાતી વિશ્વ ચેમ્પિયન જાપાનની યુ સુસાકીને શાનદાર રીતે પરાસ્ત કર્યાનો આનંદ હજુ ઓસર્યો ન હતો ત્યાં ૧૦૦ ગ્રામ વધુ વજનને કારણે વીનેશને ફાઈનલ રાઉન્ડ માટે ગેરલાયક ઠેરવતાં સમાચારનો આઘાત આવે છે. ઓલિમ્પિકની તૈયારી બે-અઢી વર્ષ પહેલાંથી શરૂ થઈ જતી હોય છે, ત્યારે ખેલાડી મન અને શરીરથી સ્પર્ધા માટે સજ્જતા કેળવે છે. પણ, વીનેશનો આ સુવર્ણ સમય તો કુસ્તી ફેડરેશનના માંધાતાઓ દ્વારા થતી જાતીય સતામણી વિરુધ્ધ લડવામાં દિલ્હીની સડકો પર ગયો! હક અને સન્માનની આ લડાઈ વીનેશ પૂરી હિંમત અને પ્રતિબધ્ધતાથી લડી, પણ એની લડાઈમાં એના મેડલનું કોઈ વજન ના પડ્યું! આદર્શ સ્થિતિમાં એણે ૫૩ કી.ગ્રા. ની કક્ષામાં ભાગ લીધો હોત, પણ વેડફાયેલા સમયે એને ૫૦ કી.ગ્રા. ની શ્રેણીમાં ભાગ લેવા મજબૂર કરી. જો કોઈનું વજન કાયમ રહ્યું તો તે વ્રજભૂષણ શરણસિંઘનું! લોકસભાની ચૂંટણી સુધી એમનું સાંસદપદ ચાલુ રહ્યું, ના એમને રાજીનામું આપવાની જરૂર લાગી ના તેમના પક્ષના નેતાઓને એની નૈતિક જવાબદારી જણાઈ! દિલ્હી પોલીસે એમની સામે એફ. આઈ. આર. કરી તો એમની ચૂંટણી લડવાની ટિકિટ ના અપાતાં એમનો દીકરો ચૂંટણી જીતીને સાંસદ બન્યો! સિંઘ પરિવારનો દબદબો ચાલુ રહ્યો! વીનેશની ગેરમાન્યતાના સમાચાર પછીના બીજા દિવસે સંસદમાં ખેલકૂદ મંત્રીએ વીનેશને સરકાર તરફથી કેટલો ટેકો મળ્યો છે એની વિગતવાર રજૂઆત કરી. ખર્ચાયેલા એક એક રૂપિયાનો હિસાબ રજૂ કરી તેમણે ખેલાડી પ્રત્યેની પ્રતિબધ્ધતા રજૂ કરી કે પછી સત્તાને પડકારનાર રાજકીય કાવાદાવાનો શિકાર નથી બન્યો એવા બચાવ માટેની ભૂમિકા બાંધી? આ પછી સવાલ તો ઊઠવો જ જોઈએ કે શું સ્વતંત્ર ભારતમાં મહિલાઓ બેખોફ પોતાની પ્રતિભાનું ખેડાણ કરી શકે છે? એટલી સ્વતંત્રતા એમના હિસ્સે આવી છે ખરી?

ઉપરના બંને કિસ્સામાં એવી બહેનોની વાત છે, જેમણે પોતાની મહેનત અને આવડતથી ઊભી થયેલી તકનો લાભ લીધો અને આગળ આવી. સામાન્ય સંજોગોમાં એમનાં ઉદાહરણ મહિલા સશક્તિકરણની સિધ્ધિ ગણાવવામાં લેવાયાં હોત. બધી સ્પર્ધાઓમાં ઉત્તીર્ણ થઇ પ્રતિષ્ઠિત કારકિર્દીમાં આગળ વધતી એક ડૉક્ટરને સલામતીની ખાતરી નથી તો અન્ય મહિલાઓનું શું થતું હશે?

આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું પ્રતિનિધત્વ કરતી ખેલાડીએ રસ્તા પર આવી જાતીય સતામણી સામે બંડ પોકાર્યો હોય છતાં એણે કરેલા આક્ષેપો પર પગલાં લેવાની ગંભીરતા સત્તાધીશોને નહીં લાગી હોય તો કોણ બહાર આવીને બોલવાની હિંમત કરશે? સ્ત્રીઓની અડધી સ્વતંત્રતા તો જાતીય સતામણીની સંભાવનાની બીકને કારણે જ રૂંધાઈ જતી હોય છે. દેશને, હવે સંપૂર્ણ આઝાદી તરફના પ્રયાણ માટે સંકલ્પની જરૂર છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

માફ કરી દેજે

એક દિવસ પપ્પાએ પોતાના દીકરાને જીવનની અણમોલ સલાહ આપતાં કહ્યું, 'દીકરા, કોઈ તને દુઃખ પહોંચાડે, તું તેમને તેમણે તારી સાથે જે કર્યું તેના માટે માફ કરી દેજે.'

દીકરાએ પપ્પાની સલાહ સાંભળી અને સ્વીકારી અને તેની પર અમલ પણ શરૂ કર્યો પણ જીવનમાં ડગલે ને પગલે પોતે આપેલા પ્રેમની સામે નફરત મળતી તો તેને બહુ દુઃખ થતું. પોતાના સારા છતાં તેની સાથે કોઈ ખરાબ વર્તન કરતું તો તે સહન કરવું મુશ્કેલ બનતું અને તેણે મૂકેલા વિશ્વાસ સામે વિશ્વાસઘાત થતો ત્યારે તો એકદમ નિરાશ થઈ જવાતું.

તેની સાથે તેના એક મિત્રે વિશ્વાસઘાત કર્યો ત્યારે એકદમ દુઃખી મનથી તેણે તેના પપ્પાને બધી હકીકત જણાવી અને પૂછ્યું, 'શું આવાં લોકો માફીને લાયક હોય છે?'

પપ્પાએ કહ્યું, 'દીકરા, જો દરેક જણ માફીને લાયક હોય છે. જો તેમણે જે ખોટું કર્યું તે પહેલી વાર કર્યું હોય તો તેમને માફી આપવી જોઈએ.જો તેઓ એવું જ ખરાબ વર્તન બીજી વાર કરે તો તેમને એક બીજી તક આપી માફ કરી દેવા જોઈએ સમજ્યો...પણ જો તેઓ ખરાબ વર્તન કરી તને દુઃખી ત્રીજી વાર કરે તો માફી અને તક તારે પોતે, પોતાની જાતને આપવી!'

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

પપ્પાની આવી વાત સાંભળીને દીકરાના મોઢા પર એક પ્રશ્નાર્થ છવાયો.આંખોમાં મૂંઝવણ દેખાઈ.પપ્પાએ આ જોયું અને હસતાં હસતાં કહ્યું, 'હા, તારે તારી જાતને માફ કરવાની કે તેં આવાં લોકોમાં વધુ પડતો વિશ્વાસ મૂક્યો. તારી જાતને માફ કરવાની કે તેં તેમની પર ભરોસો કર્યો,આધાર રાખ્યો અને તને નિરાશા મળી. પોતાને માફ કરજે કે તેં આવાં લોકોને માફ કરીને તને દુઃખ પહોંચાડવાની બીજી તક આપી. હવે તું પોતાની જાતને તક આપજે નફરત ,વેર, ઝેર અને ભૂતકાળની ભૂલોમાંથી છૂટવાની!'

દીકરાએ પૂછ્યું, 'આમ કરું તો પણ તેમને આડકતરી માફી જ મળી જાય ને.'

પપ્પાએ સમજાવ્યું, 'દીકરા, હવે તારે જે થયું તે ભૂલીને, જેને તેં બે વાર માફ કરી દીધાં હોય તેમને ભૂલી જઈને આગળ વધી જવાનું છે.તારા મનની નિરાશા ,હતાશા, દુઃખમાંથી તને તો જ આઝાદી મળશે. જો તું જીવનમાં ભૂતકાળને ભૂલીને આગળ વધીશ તો જ તારા મનને શાંતિ મળશે.તું તારા મનમાં દુઃખ, ગુસ્સો ,નફરત ,નિરાશા ભરીને જીવીશ તો પોતે જ પોતાનું નુકસાન કરીશ એટલે પોતાની જાતને માફ કરી આગળ વધી જવાનું.' પપ્પાએ બહુ સુંદર સમજ આપી.

એનાં અઢાર હશે, આપણાં છત્રીસ છે

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

પાકિસ્તાન, મધ્ય એશિયા, આફ્રિકા કે વિશ્વભરમાં અન્યત્ર બધે જ ઊંટોની વસતિ વધતી રહી છે, પણ ભારતમાં એ ઘટી રહી છે એ ચિંતાનો અને અમુક અંશે વક્રતાનો વિષય કહી શકાય

શાળાના અભ્યાસકાળ દરમિયાન અનેક વૈજ્ઞાનિક, ઐતિહાસિક, ભૌગોલિક તથ્યો ભણવામાં આવતાં હોય છે, જે ભણતી વખતે મોટે ભાગે યાંત્રિક ઢબે વિદ્યાર્થીઓ યાદ રાખી લેતાં હોય છે. તેનો મુખ્ય હેતુ પરીક્ષા પૂરતો જ હોય છે. આવું એક ભૌગોલિક સત્ય એટલે 'ઊંટને રણનું જહાજ કહે છે'.

ઊંટની શારીરિક રચના એવી છે કે તે રેતાળ પ્રદેશમાં સહેલાઈથી અનુકૂલન સાધી શકે છે. સ્વાભાવિકપણે જ રણપ્રદેશમાં તેનો ઉપયોગ બહુવિધ હોય. ઊંટને 'રણનું જહાજ'ગણવાનું આ જ કારણ. રણપ્રદેશનાં રહેવાસીઓ માટે તેનું જે મહત્ત્વ છે, તેને ધ્યાનમાં લઈને સરકારી સ્તરે ઊંટના સંરક્ષણ માટે વિવિધ નીતિઓ પણ ઘડાતી આવી છે. આમ છતાં, ચિંતાજનક બાબત એ છે કે રાજસ્થાનના પશુપાલન વિભાગના આંકડા અનુસાર આ પ્રદેશમાં ઊંટની સંખ્યા ઘટી રહી છે.

નવાઈ લાગે એવી વાત છે કે છેલ્લા બે દશકમાં ઊંટના સંરક્ષણ માટે જે કામ થતું આવ્યું છે તેનાં પરિણામ સાવ વિપરીત અને આશ્ચર્યજનક મળ્યાં છે. ઊંટની સંખ્યામાં ચાળીસેક ટકા જેટલો ઘટાડો થયો છે, જેનું મુખ્ય કારણ છે ઊંટપાલનમાં પશુપાલકોની ઘટતી જતી રુચિ.

ઈ.સ.2014થી ઊંટને રાજસ્થાનના 'રાજ્ય પશુ'તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે. ઊંટપાલન માટે પશુપાલકોને સરકારી સ્તરે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. રાજસ્થાનમાં પ્રવાસન સાથે સંકળાયેલાં પ્રત્યેક પાસાંમાં ઊંટોનો સમાવેશ કરાયેલો છે. આ બધા પ્રયત્નો છતાં ઊંટની સંખ્યા ઘટી રહી છે. આ બાબત ચિંતાપ્રેરક છે.

ભારતનાં, ખાસ કરીને રાજસ્થાનનાં ઊંટો બાબતે અધિકૃત અભ્યાસ કરનારાં જર્મન વિજ્ઞાની, વિદૂષી ઈલ્સે કોહ્લર રોલેફ્સનના જણાવ્યા અનુસાર પાકિસ્તાન, મધ્ય એશિયા, આફ્રિકા કે વિશ્વભરમાં અન્યત્ર બધે જ ઊંટોની વસતિ વધતી રહી છે, પણ ભારતમાં એ ઘટી રહી છે એ ચિંતાનો અને અમુક અંશે વક્રતાનો વિષય કહી શકાય. 2024ના વર્ષને યુનાઈટેડ નેશન્સ ફુડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન (એફ.એ.ઓ.) દ્વારા 'યર ઑફ કેમલીડ્સ'તરીકે ઘોષિત કરવામાં આવ્યું હોય ત્યારે તો ખાસ.

રોલેફ્સને આ ઘટાડા માટે અનેક કારણો ટાંક્યાં છે. એ મુજબ ભારતના કાયદા અનુસાર હવે રાજ્યની સરહદ બહાર તેમજ દેશ બહાર ઊંટોની નિકાસને પ્રતિબંધિત કરે છે. આને કારણે ઊંટનું મૂલ્ય સાવ ઘટી ગયું છે. તેમનો ચરાણવિસ્તાર નષ્ટ થઈ ગયો છે. ઊંટની પેદાશોના વેચાણ માટે યોગ્ય કડીનો અભાવ છે. રોલેફ્સને 'કેમલ કરિશ્મા'નામનું એક સામાજિક સાહસ આરંભ્યું છે, જે પશુપાલકોને બજાર સાથે સાંકળવાનું અને એ રીતે ઊંટના સંવર્ધનમાં સહાયરૂપ થવાનું લક્ષ્ય ધરાવે છે, જેથી સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિમાં ઊંટનું જે સ્થાન છે એ ટકી રહે.

ઊંટની જેમ ગધેડાં જેવાં અન્ય ભારવાહક પશુઓની વસતિ ભારતમાં ઘટતી ચાલી છે. યાંત્રિકીકરણ આ માટેનું મુખ્ય પરિબળ ખરું, પણ રોલેફ્સનના જણાવ્યા અનુસાર પશુધનનું ઔદ્યોગિકીકરણ વધુ જવાબદાર છે. વિશ્વભરમાં પશુપાલકો ઊંટ તેમજ અન્ય પશુઓને પોતાના પરિવારનો હિસ્સો જ ગણે છે. તેનાથી આ બાબત સાવ વિપરીત છે. એકવીસમી સદીના આરંભથી વિશ્વભરના વિચરતા પશુપાલકો જોખમગ્રસ્ત બન્યા છે, કેમ કે, તેમની ગણના પછાતમાં થાય છે. ખનનકામ, સિંચાઈકામ કે અન્ય ઊર્જા પ્રકલ્પો થકી 'વિકાસ'ના નામે તેમનાં વડવાઓના સમયથી ઉપયોગમાં લેવાતાં ગોચરો તેઓ ગુમાવી રહ્યા છે. રોલેફ્સને ભારતનાં ઊંટો પર પુષ્કળ અભ્યાસ કર્યો છે. તેમણે ઊંટના પર્યાવરણ પર પડતા પ્રભાવ બાબતે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું છે કે આવાં પશુઓ સતત ફરતાં રહે તો તેનો પ્રભાવ પર્યાવરણ પર સકારાત્મક પડે છે. અન્ય જંગલી શાકાહારી પશુઓની જેમ જ તે બીજને પ્રસરાવે છે, એના અંકુરણને સહાય કરે છે, સેન્દ્રિય સામગ્રીને જમીનમાં ઊતારે છે, કાર્બનચક્રને ટકાવે છે, જમીનનાં સૂક્ષ્મ જીવાણુઓને પોષણ આપે છે તેમજ પક્ષીઓના આહાર એવાં જંતુઓના પ્રજનન માટે અનુકૂળતા ઊભી કરે છે.

'એફ.એ.ઓ.'દ્વારા ઘોષિત 'યર ઑફ કેમલીડ્સ'દરમિયાન નિર્ધારિત લક્ષ્યાંકને પાર પાડવાં હોય તો ઊંટના ચરાણવિસ્તારનું રક્ષણ કરવું જરૂરી છે. તેની પેદાશો માટે વિકેન્દ્રિત માળખાકીય સુવિધાઓમાં રોકાણ કરીને તેને બજાર સાથે સાંકળવી જરૂરી છે.

રાજસ્થાન સરકાર પણ આ સમસ્યાના ઉકેલ માટે વિવિધ પગલાં લઈ રહી છે. નવા જન્મેલા બોતડા દીઠ દસ હજાર રૂપિયાની સબસીડી તેના માલિકને આપવામાં આવે છે. રાજસ્થાનની 'સરસ ડેરી'દ્વારા ઊંટના દૂધનો વ્યાપાર આરંભાયો છે. રાજસ્થાન સરકારે વર્તમાન વર્ષના બજેટમાં ઊંટની જાળવણીના મિશનની ઘોષણા કરી છે અને બોતડાને ઉછેરવા માટે વીસ હજારની પ્રોત્સાહક રકમ આપવાનું નક્કી કર્યું છે. આમ છતાં, આ પગલાં પૂરતાં નથી. ઊંટની જાળવણી માટે વધુ વ્યાપક સ્તરે, લાંબા ગાળાનાં પગલાં લેવાં જરૂરી છે. ઊંટ એક વિશિષ્ટ પ્રાણી છે, જે અતિ વિશિષ્ટ ભૌગોલિક પ્રદેશ માટે સર્જાયું છે. માનવ પોતાના સ્વાર્થ માટે તેને તદ્દન વિપરીત ભૌગોલિક વિસ્તારમાં પણ સ્થળાંતરિત કરે છે. એ હકીકત છે કે કોઈ પણ ચીજ આપણી પાસે સુલભ હોય ત્યારે આપણે ભાગ્યે જ એની જાળવણી બાબતે ફિકર કરતાં હોઈએ છીએ. એમાં ને એમાં તે જોખમગ્રસ્ત બને ત્યારે આપણે સફાળા જાગીએ છીએ. સફાળા જાગ્યા પછી પણ જો યોગ્ય પગલાં ન ભરાય તો જોતજોતામાં એ ચીજ નષ્ટ થવાને આરે આવી જાય છે.

ઊંટ હોય કે પર્યાવરણ સાથે સંકળાયેલાં અન્ય પરિબળો, સરકારી રાહે તેને બચાવવાના કાર્યક્રમ ભલે થતા રહે, પણ વ્યક્તિગત સ્તરે તેની જાગૃતિ ન આવે તો એનો કશો અર્થ નથી રહેતો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

ફરી ખાળકૂવા અપનાવો તેમાં ફાયદો છે

આપણા દેશની મુખ્ય ઓળખ તો ખેતીપ્રધાન દેશ તરીકેની હતી જ્યારે આપણે આઝાદી મેળવી ત્યારે અને મોટાભાગની વસ્તી ગામડાઓમાં રહેતી અને મુખ્ય વ્યવસાય પણ ખેતી હતી. ખેતીમાં ખાતર તરીકે મુખ્યત્વે વનસ્પતિ અને પશુ તેમજ માનવજીવોના ઉતર્સજન (વેસ્ટ)નો ઉપયોગ થતો. વનસ્પતિ અને પશુ છાણ તો મૂળ જૈવિક સ્વભાવ હોવાથી કુદરતી વિઘટન પામી ખાતરમાં રૂપાંતરિત થતો અને માનવીય વસાહત જ્યાં હતી ત્યાં વશિરૂમ ઘરમાં નહીં પરંતુ ઘરની બહાર જેને વાડો કહેવાય ત્યાં હતું. ઉંડો ચોરસ ખાડો, બે પગ મૂકી શકાય તેવા પત્થર એક નળ અને એક જૂનું પૂરાણુ વાસણ અથવા ટમ્બભર રહેતું આ ખાડામાંથી ભેગો થતો માનવવેસ્ટ એક જગ્યાએ અમૂક પ્રક્રિયાઓ થઇ ખાતરમાં ફેરવાતો આજકાલ હાઈવે પર મોર્ડન વોશરૂમ જોવા મળે છે પરંતુ તે વોશરૂમમાં જરૂરી મોર્ડન સગવડો અમુક સમય પછી જાળવણીનો જો અભાવ હોય તો ગાયબ થઇ જાય અને ગંદકીથી ઉભરાતા વોશરૂમ જોવા મળે. આપણી સરકારે કે જે આ વ્યવસ્થા જોતી હોય તેણે અસલ ખાળકૂવા જેવી સીસ્ટમને આવી જગ્યાએ અપનાવવી જોઇએ કે જેમાં જરૂરી સફાઇ માટેની વસ્તુઓ ઇકોફ્રેન્ડલી હોય આવી વ્યવસ્થાથી નુકસાનથી બચી શકાય, જૈવિક ખાતર મળે અને સાફસફાઇ માટેની મહેનત પણ ઓછી કરવી પડે. આ સિસ્ટમ ધાર્મિક સ્થળોએ, જાહેર સ્થળોએ પણ અપનાવી શકાય કેમ ખરું ને ?

સુરત - સીમા પરીખ

બારડોલી નગરપાલિકાનો લાઇટ વિભાગ આંધળો છે

બારડોલી કડોદ રોડ પર તલાવડીથી શિવાજી પૂતળા સુધી રોડની વચ્ચે ડીવાઈડર પર લગાવેલ લાઇટના તમામ થાંભલા પરના ફ્યૂઝ બોક્સ જંક્શન બોક્સ તૂટી ગયેલા છે. કેટલાક થાંભલા પરના બોક્કસ લબડીને નીચે પડી ગયા છે. તેમાના જીવતા વાયરો રોડ પર લબડી રહ્યા છે. આ ચોમાસાની સીઝનમાં કરંટ લાગવાની ખતરનાક ઘટના આ વિસ્તારમાં બનવાની છે. આ અંગે અમોએ નગરપાલિકાને ઘણી વખત જાણ કરી છે. પણ આ અંગે કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી. ચીફ ઓફિસર આ અંગે તાત્કાલિક લાઇટ વિભાગને જરૂરી સુચના આપે.

બારડોલી - અરૂણ સરવૈયા

"હું કદી મોત નથી વેચતો!"જ્હોન અબ્રાહમ

જ્હોન અબ્રાહમ ફિલ્મ કલાકાર કે જેણે પ્રેસ મિડીયાને જણાવ્યું કે પાન-મસાલાનો પ્રચાર કરી રહેલા અભિનેતા પર રોષ ઠાલવ્યો એ ઉપરોક્ત વાક્ય કહ્યું: જે લોકો દ્વારા, તેના ચાહકો દ્વારા સેલિબ્રીટી બની છે તેવા બોલીવુડ કે રમતગમતના સ્ટારો ખાસ કરીને ક્રિકેટના જ તેવો નાણાં કમાઈ લેવાની હરિફાઈ બિલકુલ ફાલતુ અને હાનીકારક ચીજવસ્તુ, ખાદ્ય પદાર્થોની ધૂમધડાકે જાહેરાતોમાં ભાગ લઈ કમાઈ લે છે. કઈ સેલીબ્રીટી પર વિશ્વાસ કરવો, કોની સમજને સમજવી તે અધરૂ થતું જાય છે સાધૂના વેશમાં શેતાન તો જોયા પણ સેલિબ્રીટીના વેશમાં ઝેર વેચતા તત્વો પર રોકટોક ન હોય પણ તેને કોઈ સામાજીક જવાબદારી ચાહકો પર તેની પડતી આડ અસર વિશેની સમજ તેનામાં કે તેના સેક્રેટરીઓમાં પણ નહી હોય? ત્યારે સેલીબ્રીટીઓ કે જે મોત વેચે છે તેની સામે જ્હોન અબ્રાહમનો ગુસ્સો બિલકુલ વ્યાજબી છે.

સુરત - પરેશ ભાટિયા

માર્ગ અકસ્માતો રોકવા ઇંગ્લેન્ડ જેવો કાયદો